પાટનગરમાં પાવન પર્યુષણ પર્વનો પ્રારંભ

ગાંધીનગર તા.૨૪

આજથી જૈનોના મહાપર્વ પર્યુષણનો પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે.૨૨ના જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન તપાગચ્છાધિપતિ આચાર્ય પૂ. વિજય રામસૂરીશ્વરજી મ.સા. ડહેલાવાળાના શિષ્યરત્ન આચાર્ય પૂ. જગચ્ચન્દ્રસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.કલ્પયશસૂરિજી મ.સા. સહિત તપસ્વી સંઘના સાનિધ્યમાં સમગ્ર પર્યુષણ પર્વ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે સે.૨૨ જૈન મંદિર ખાતે પર્યુષણ કર્તવ્ય તથા વધામણાં સાથે મહાપર્વનો ભક્તિભાવપૂર્ણ પ્રારંભ કરાયો હતો.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન તા.૨૪મી ઓગસ્ટ, બુધવારથી માંડીને તા. ૪થી સપ્ટેમ્બર રવિવાર દરમ્યાન સે.૨૨ના જૈન દેરાસર ખાતે યોજાનાર ધાર્મિક કાર્યક્રમોમાં અષ્ટાન્હિકા પ્રવચન, કલ્પસૂત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન, ચૌદ સૂપનના દર્શન, અષ્ટમંગલ તથા કલ્પવૃક્ષના દર્શન, સંઘ જમણ, ગણધરવાદ પ્રવચન, સ્થવિરાવલી વાંચન, બારસાસુત્ર વાંચન, પ્રભુદર્શન ચૈત્યવંદન, સંવત્સરી પ્રતિક્રમણ અને સામુહિક ક્ષમાપના, તપસ્વીઓના સામુહિક પારણાં તેમજ તપ અનુમોદનાની શોભાયાત્રા અને સંઘ સ્વામિવાત્સલ્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ પ્રભુજીને પ્રક્ષાલ, સ્નાત્ર, અંગરચના, ભાવના વિગેરે ઉપરાંત નિયમિત પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ શાંતિ માટે ૫૧હજારથી વધુ નવકારમંત્રના જાપ

સેક્ટર-૨૨માં શ્રી સ્થાનકવાસી જૈન સંઘમાં બિરાજતાં શ્રમણ સંઘના પૂ. ડો.સ્નેહપ્રભાજી મહાસતીજી અને પૂ. ડો.પ્રજ્ઞાશ્રીજીના મંગલ સાનિધ્યમાં પર્વાધિરાજ પર્યુષણની શાનદાર ઉજવણીનો મંગલ પ્રારંભ શરૂ થયો છે. દરરોજ સવારે પૂ. મહાસતીજીઓના વિવિધ વિષયો ઉપર મનનીય વ્યાખ્યાન, ભકતામર પ્રાર્થના, મોટી સાધુ વંદનાનું પઠન, બપોરે કલ્પસૂત્રનું વાંચન અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને સાંજે પ્રતિક્રમણનું આયોજન કરાયું છે. દરરોજ વ્યાખ્યાન બાદ પ્રભાવનાઓ, ૧૨ કલાકના નવકારમંત્રના અખંડ જાપ પણ ચાલુ છે. આજે ૧૦૦થી વધુ ભાઈઓ અને બહેનો વિશ્વ શાંતિ માટે ૫૧હજારથી વધુ નવકારમંત્રના જાપ કરનાર છે. રવિવારે સમ્યક જ્ઞાન શાળાના બાળકો સવારે ૧૦.૩૦ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે. શ્રી સંઘ સ્વામીવાત્સલ્યનું આયોજન કાલિનદીબેન હિરેન્દ્રભાઈ અજમેરા પરિવારના સૌજન્યથી યોજવામાં આવ્યું છે. આજે ઝાટકીયા પરિવારના સૌજન્યથી શ્રી સંઘના સભ્યોને ચૂરમાના લાડુ અને ચટપટી સેવ વહેંચવામાં આવી હતી.

પાટનગર બન્યુ ખાડાનગર ઉર્ફે કિચડનગર

ગાંધીનગર, તા. ૨૪

પાટનગર બન્યુ ખાડાનગર આ તો તમે સાંભળ્યુ જ હશે. આ ખાડાનગરમાં ઠેર ઠેર કાદવ-કીચડમાં પણ ઉમેરો થયો છે. ખાડાનગર કહેવુ કે કીચડનગર આ બંનેમાં હરીફાઈ ચાલી રહી છે. ખાડાઓમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે તો ઠેર ઠેર કીચડ પણ વધવા પામ્યો છે.

ખાડાઓથી વાહનચાલકો હેરાનગતિ ભોગવી રહ્યા છે. ત્યારે શહેરમાં સે. ૨૯ ખાતે અઢળક કીચડ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. આ વર્ષે પાટનગરની હાલત આ ચોમાસામાં ઘણી ખરાબ થઈ જવા પામી છે.

શહેરમાં ચોમાસા અગાઉ ઠેર ઠેર જે ખોદકામ કરવામાં આવ્યા હતા તેમાં વરસાદના પાણીના કારણે જોરદાર કાદવ થઈ ગયો છે. વાહનચાલકોમાં અવરજવર માટે ઘણી હાલાકી બની ગઈ છે. આ ઉપરાંત રાહદારીઓ માટે પણ અવરજવર મુશ્કેલ બની જવા પામી છે.

સ્થાનિકો દ્વારા અવારનવાર ફરિયાદો કરવા છતાં સ્થાનિક કોર્પોરેટરો દ્વારા કોઈ પણ પ્રકારે નોંધ લેવાતી નથી. ગાંધીનગરમાં નવનિર્માણ પામતા આવાસોની આસપાસ કાદવકીચડ, ગટરોની લાઈનો નાંખવામાં આવી ત્યાં ઠેર ઠેર કાદવકીચડ, માટીના પુરાણ વગરની જગ્યાઓ પર પાણી ભરાયા સહિત અઢળક સમસ્યાઓ સર્જાઈ ગઈ છે. ત્યારે સ્થાનિક નગરસેવકો નાગરિકોની ફરિયાદોને સાંભળવામાં પાછીપાની કરી રહ્યા છે. ઠેર ઠેર કાદવકીચડમાં વાહનો ફસાઈ રહ્યા છે. આ અઠવાડિયામાં વરસાદી માહોલ યથાવત રહેવાથી પાણીનો ભરાવો પણ થયો છે. જેના કારણે મચ્છરો પણ વધી જવા પામ્યા છે અને રોગચાળો પણ વકરી રહ્યો છે. નાગરિકોની નાની-નાની ફરિયાદોનો નીવેડો પણ આવતો નથી. પાટનગરવાસીઓ ચોમાસામાં કાદવકીચડ અને ખાડારાજથી ત્રસ્ત બન્યા છે. તેમની ફરિયાદોનો નિવેડો લાવવા માટે ઝડપથી કાર્યવાહી થાય તેવી લોકમાંગણી ઉઠી રહી છે. ચૂંટણીઓમાં મોટા મોટા વાયદાઓ કરતા નગરસેવકોને પ્રજા પોકારી રહી છે.

તેમની ફરિયાદોનો ઉકેલ લાવવા તેમની ફરજ છે. કાદવકીચડ ઉપરાંત શહેરમાં મસમોટા ભૂવાઓના દેશ્યો બની રહ્યા છે. આવું શાને થાય છે તે જનતાને સમજાય છે પરંતુ આ તંત્રના ભ્રષ્ટાચારી સત્તાધીશોને ક્યારે સમજાશે. દર વર્ષે પાટનગરના માર્ગો પર ખાડારાજ યથાવત રહે છે. તેમ છતાં આ પરંપરામાં કોઈ ફેરફાર થઈ રહ્યો નથી. ખાડાઓ, ભુવાઓ, કીચડોના કારણે નાગરિકો ત્રસ્ત બન્યા છે. ચોમાસામાં માર્ગો પર અવરજવર કરવામાં નાગરિકોમાં ભય પ્રસર્યો છે. ક્યારે ક્યાં ભૂવાઓ પડી જાય અને ક્યારે અચાનક વાહન ખાડામાં ગરકાવ થાય તેવો વાહનચાલકોમાં ભયનો માહોલ છવાયો છે.

સે. ૨૯માં ગટરોની લાઈનો પાસે અઢળક કાદવ-કીચડનો માહોલ સર્જાયો

૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા બની ગુજરાતની જીવન તારણી

આજે રાજ્યમાં જ્યારે કોઈ જાતનો અકસ્માત સર્જાય છે, કોઈ પ્રકારની મેડીકલ ઈમર્જન્સી આવે છે ત્યારે આપણાં મનમાં તાત્કાલીક સારવાર માટે એક જ નંબર આવે. એ નંબર એટલે ૧૦૮ !! તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના નાગરિકોને ઈમરજન્સી સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરુ કરી હતી. આજે આ સેવા રાજ્યના લોકો માટે જીવન તારીણી બની છે. ૧૦૮ સેવાની શરુઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ ના રોજ શરુ કરવામાં આવી હતી. ૧૦૮ યોજનાનું લોકાર્પણ આપણા હાલના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે અબ્દુલ કલામ સાહેબના વરદ હસ્તે સોલા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ હતું.

અકસ્માત કે આપત્તિ સમયે ઈજાગ્રસ્ત-બિમાર વ્યક્તિઓને તાત્કાલિક સારવાર પુરી પાડતી સેવા માટે દેશમાં ગુજરાત અગ્રિમ સ્થાને

૧૦૮ સેવાની વધતી લોકપ્રિયતા, વિશ્વાસનિયતા અને તેની કાર્યક્ષમતાના કારણે લોકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે, અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વખતોવખત સેવાઓમાં કાર્યરત એમ્બ્યુલન્સ તેમજ ટેકનોલોજીમાં જરૂરી અપગ્રેડેશન અને ઉમેરો એમ્બ્યુલન્સના સ્ટાફને જરૂરિયાત મુજબ તાલીમ આપવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અધ્યતન ટ્રેનીંગ સેન્ટર, રિસર્ચ સેન્ટર તથા તાલીમાર્થીઓને રહેવાની સગવડ માટે હોસ્ટેલ વગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવામાં આવ્યું છે.

રાજ્યમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત-બિમાર વ્યક્તિઓને તાત્કાલિક સારવાર પુરી પાડતી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ક્ષેત્રે દેશમાં ગુજરાત અગ્રીમ સ્થાને છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેત્રુત્વમાં રાજ્ય સરકારે આ વર્ષેમાં એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઈલ સંજીવની વાન માટે ૨૨ કરોડ રૂપીયાની ફાળવણી કરી છે.

- **૨૯ ઓગસ્ટ, ૨૦૦૭ થી ૧૦૮નો પ્રારંભ થયો ત્યારે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય આવી સેવા શરૂ કરનાર બીજું રાજ્ય હતું.**
- **૨૦૦૭ માં માત્ર ૧૪ (ચૌદ) ૧૦૮ એમ્બ્યુલન્સના કાફલા માંથી શરૂ થયેલી સેવા આજે ૧૪ વર્ષ જેટલા સમયગાળામાં ૮૦૨ એમ્બ્યુલન્સ (૨ બોટ એમ્બ્યુલન્સ સાથે) સુધી પહોંચી છે.**
- એમ્બ્યુલન્સમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને મળે છે.
- તદુપરાંત રિસ્પોન્સ સેન્ટરમાં કાર્યાન્વિત અદ્યતન ટેકનોલોજી અને લોકેશન બેઈઝ સર્વિસ (LBS) થી સુસજ્જ એવી ઝછઢ Application થકી સેવા માટે કોલ કરનારનું Automatically લોકેશન પ્રાપ્ત થઈ જવાથી સમયનો બચાવ થાય છે અને ઝડપથી એમ્બ્યુલન્સ મોકલી શકાય છે
- ૧૦૮ સેવાના અસરકારક અમલીકરણ માટે સમગ્ર દેશમાં પ્રથમ એવા ગુજરાત રાજ્યમાં ૧ જુલાઈ ૨૦૧૦ ના રોજ રાજ્ય સરકાર દ્વારા હાઈટેક ટેકનોલોજીથી સુસજ્જ ૧૫ એકર જેટલા વિશાળ વિસ્તારમાં કાયમી સુદ્રઢ વ્યવસ્થાના ભાગ રૂપે સ્ટેટ-ઓફ-ધિ-આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર નરોડા, અમદાવાદ ખાતે કાર્યરત કરવામા આવેલ છે. ૧૦૮ સેવાના કર્મચારીઓને અધ્યતન ટ્રેનિગ મળી રહે તે માટે ૫૬,૫૦૦ ચોરસ ફૂટના બાંધકામ વાળું ટ્રેનિગ સેન્ટર કાર્યાન્વિત કરાયું છે.
- કોરોના સંક્રમિત દર્દીઓને ઝડપથી એમ્બ્યુલન્સ સેવાનો લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૫૦ નવી એમ્બ્યુલન્સની વર્ષ ૨૧-૨૨માં ખરીદી કરીને ૬૫૦ થી એમ્બ્યુલન્સની સંખ્યા વધારીને ૮૦૦ સુધી લઈ જવામા આવી છે.
- સામાન્ય ઈમરજન્સી કેસના દર્દીઓમા કોરોના વાઈરસનું સંક્રમણ ન ફેલાય તે માટે બન્ને એમ્બ્યુલન્સો અલાઈદી રાખવામા આવેલ છે. આ તમામ કોવિડ એમ્બ્યુલન્સમાં પુરતા પ્રમાણમાં પીપીઈ કિટ, EMT અને પાયલોટને વિશેષ તાલીમ આપવામાં આવેલ છે. કોવિડ દર્દીને હોસ્પીટલ પહોચાડ્યા બાદ દરેક એમ્બ્યુલન્સનું સેનીટાઈઝેશન કરવામાં આવે છે.
- દૈનિક ૩૪૦૦ જેટલા ઈમરજન્સીના કેસોના બદલે લોકડાઉનના કારણે અન્ય સ્ત્રોત ના રહેતા ૧૦૮ સેવામાં રોજના ૪૦૦૦ જેટલા કેસોમાં સેવા આપેલ, જેમાં તમામ બીમારી જેવા કે અકસ્માત, હૃદય રોગ અને મહિલા પ્રસુતિ વગેરેનો સમાવેશ થાય છે.

- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા થકી કુલ ૨,૨૩,૩૫૫ જેટલા કોવિડ સંબંધિત દર્દીઓને ઘરેથી હોસ્પિટલ અને કોરોન્ટાઈન સેન્ટરથી કોવિડ હોસ્પિટલ સુધી પહોચાડવાની સેવા પુરી પાડેલ છે. જેનો રીયલ ટાઈમ રીપોર્ટ આરોગ્ય વિભાગને રોગચાળાનું આંકલન અને આયોજન કરવામાં ઉપયોગી છે.
- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા દરરોજ સરેરાશ ૩૦૦૦ થી ૩૨૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે.

નવી ૧૦૦ એમ્બ્યુલન્સવાન અને ૧૦ મોબાઈલ સંજીવની વાન માટે ૨૨ કરોડ રૂપિયાની ફાળવણી

- ૧૦૮ નંબર પર આવેલા ૯૯% જેટલા ફોનકોલ પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે. જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવતા છે.
- ૧૦૮ એમ્બ્યુલન્સનો રાજ્યમાં સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૭ મિનિટ જેટલો છે જયારે શહેરી વિસ્તારમાં ૧૧ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૨૧ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ છે.
- દર ૨૪ સેકન્ડે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી કેસને પ્રતિસાદ આપવા માટે રવાના કરવામાં આવે છે.
- ૧ કરોડ ૩૬ લાખ કરતા વધારે લોકોને કટોકટીના સમયમાં સેવા, ૧.૯૪ લાખથી વધુ પોલીસ અને ૬.૧ હજારથી વધુ ફાયર માટેની સેવા આપવામા આવી છે. ૩૬ કરોડથી વધારે એમ્બ્યુલન્સના કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું છે.
- ૧૨ લાખથી વધુ વિકટ પરિસ્થિતીમાં મુકાયેલ મહામુલી માનવ જિંદગીઓનો બચાવ કરાયો છે.
- ૪૬.૩૦ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતીમા મદદ કરવામાં આવેલ છે.
- ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧,૧૯,૮૯૧ થી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં મદદ કરવામાં આવી છે.
- ૧૦૮ સેવા માટે આવતા કોલ્સ પૈકી મોટાભાગના કોલ્સ પ્રસુતા માતાઓ માટે ઈમરજન્સી સેવાને લગતા હોય છે, ગુજરાત રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરના સૂચકઆંકને લગતા સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં ૧૦૮ સેવાનો મહત્વનો ફાળો રહ્યો છે.
- દરીયામાં કામ કરતા માછીમારોના આરોગ્યના અધિકારોની જાળવણી માટે દરીયામાં ૧૦૮-એમ્બ્યુલન્સ જેવી મેડિકલ સેવા પહોંચાડવા માટે પોરબંદર અને ઓખા બંદર ખાતે બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.
- ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ઝડપી સેવા માટે અદ્યતન લોકોપયોગી " ૧૦૮ સીટીઝન મોબાઈલ એપ્લીકેશન " શરૂ કરવામાં આવી છે. 108 Application Download – ૧,૭૧,૯૩૬ and calls – ૯,૦૫૬
- ગુજરાત ૧૦૮ સેવાના અત્યાધુનિક ૨૪ કલાક કાર્યરત ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરની કુલ ૩૬,૦૦૦ કરતા વધારે દેશવિદેશના લોકોએ રૂબરૂ મુલાકત લઈને સેવા વિષે માહિતી મેળવી છે.

- ગુજરાત સરકારે સમયાનુકુલ ટેકનોલોજી અને અપગ્રેડેશનનો વિનિયોગ કરીને આપાતકાલમાં પ્રત્યેક સેકન્ડનો બચાવ થઈ શકે અને માનવીની અમૂલ્ય જીન્દગી બચાવવા ભારત દેશમાં સૌ પ્રથમ વખત પેપરલેશ ૧૦૮ ઈમરજન્સી સેવા અને એમ ગવર્નસની વ્યવસ્થા અમલીકૃત કરી છે.
- ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા માટે અદ્યતન લોકોપયોગી "૧૦૮ સીટીઝન મોબાઈલ એપ્લીકેશન" તા.૨૪/૧૨/૨૦૨૧ના રોજ લોકાર્પણ કરવામાં આવી છે.
- સમગ્ર ભારતમાં પ્રથમ વખત ગુજરાત રાજ્યમાં એર એમ્બ્યુલન્સ સેવા ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ, ઐંત્રજીછૈં- અને ય્ફદ્ધ ઈર્ફૈં સાથે મળી સંકલિત રીતે રાજ્યવ્યાપી તા:૨૧/૦૩/૨૦૨૨ થી કાર્યાન્વિત કરેલ છે.

ભારત સરકારશ્રીના નિર્દેશ મુજબ સિંગલ નંબર આધારિત સંકલિત રીતે ૧૧૨ ERSS રાજ્યમાં કાર્યાન્વિત કરવાના આરોગ્ય વિભાગના નોડલ અધિકારી તરીકે તમામ વિભાગો સાથે સંકલન તેમજ સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આઈ.ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરીદી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

૧૦૮ એમ્બ્યુલન્સ સેવા યોજના અંતર્ગત અત્યાર સુધીના કુલ લાભાર્થીઓની સંખ્યા :

ઇમરજન્સી કેસો ની માહિતી		મુખ્ય મેડિકલ ઇમરજન્સીની સંખ્યા	
મેડિકલ	૧,૩૪,૨૮,૦૮૯	ગર્ભાવસ્થા સંબંધિત કેસ	૪૬,૩૦,૮૧૬
પોલીસ	૧,૯૪,૬૯૫	માર્ગ અકસ્માત સંબંધિત કેસ	૧૬,૯૬,૦૮૩
ફાયર	૬,૧૩૧	હૃદય રોગ સંબંધિત કેસ	૬,૨૮,૯૩૦
કુલ	૧,૩૬,૨૮,૯૧૪	શ્વાસ ને લગતા કેસ	૭,૦૦,૭૫૦

નોંધ- ડેટા જુલાઇ અંત સુધીનો છે.